શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?



ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ-બંધ કરે છે.

અમર ઈલેકટ્રોનીક કન્ટ્રોલ્સ

૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગરપાલિકા સામે, મુગલીસરા,સુરત.
ફોન : 2429322 મો : 9824059872

નૂતન વર્ષાભિનંદન ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૫૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વર્ષોથી એક જ વિશ્વાસપાત્ર નામ
• TATA Durashine કલરકોટેડ પતરા
• TATA ગેલ્વેનાઈઝ્ડના પતરા
• JSW|મોરછાપ|Colouron+ પતરા
• JINDAL|સબરંગ તથા અન્ય બ્રાન્ડ
• ASIAN|APOLLO|NEZONE-MS|GI-PIPES
• સીમેન્ટ|પ્લાસ્ટીકના નાળવાળા|પ્લેન પતરા|સ્ક્રુ
• પોલીકાર્બોનેટ|PVC શીટ|રૂફીંગ એસેસરીઝ

દલપતરામ ઝીણાભાઈ લોખંડવાળા & કું.
• અમારી અન્ય કોઈપણ ગોડાઉન/શાખા આવેલ નથી •
C/o. લોખંડવાલા એન્ટરપ્રાઈઝ
લીમડાચોક, રાજમાર્ગ, ભાગળ નજીક, સુરત.
Mobile : 9925283880, 9825886009
E-mail : devdas2473@yahoo.co.in

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ । e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૪ * * * સંવત ૨૦૮૩ કારતક સુદ એકમ મંગળવાર ૧૦ નવેમ્બર, ૨૦૨૬ * * * દૈનિક : ૯૦ - અંક : ૧ પાનાં ૧૦+૧૬+૧૦ કિંમત ₹ ૬.૦૦

દિલ્હીમાં દિવાળીએ બેફામ ફટાકડા ફૂટ્યાં: હવા ઝેરીલી

ગુજરાતમિત્ર

દિવાળી- નૂતનવર્ષના પર્વ પ્રસંગે 'ગુજરાતમિત્ર' કાર્યાલય તા. ૧૦, ૧૧, ૧૨ નવેમ્બર ત્રણ દિવસ માટે બંધ રહેશે. જેથી તા. ૧૧, ૧૨, ૧૩ નવેમ્બરના અંક પ્રસિદ્ધ થશે નહીં. હવે પછીનો અંક તા. ૧૪ નવેમ્બર, શનિવારે રાબેતા મુજબ પ્રગટ થશે જેની સૌએ નોંધ લેવા વિનંતી.

-- વ્યવસ્થાપક

ગુજરાતમિત્ર

વિક્રમ સંવત ૨૦૮૩ના પ્રારંભ અવસરે સૌને
નૂતન વર્ષાભિનંદન
--વ્યવસ્થાપક

ગુજરાતમિત્ર

આજના અંક સાથે નૂતન વર્ષ માંગલ્ય પૂર્તિ તેમજ વાર્ષિક ભવિષ્ય દર્પણ આપેલ છે જેની વાચકોએ નોંધ લેવી.



સુપ્રીમ કોર્ટના નિયંત્રણોની ઐસીતૈસી કરીને રાતભર ફટાકડા ફોડવામાં આવ્યા.

રાજધાનીમાં દિવાળીના બીજા દિવસે પ્રદૂષણનું પ્રમાણ ખૂબ વધી ગયું, કેટલાક સ્થળે હવાની ગુણવત્તા ગંભીર શ્રેણીમાં

સોમવારે સવારે રસ્તાઓ પર દ્રશ્યક્ષમતા ઘટી ગઇ, આંખો અને ગળામાં બળતરાની ફરિયાદો ઉઠી

થોડા દિવસ સુધી હવાની ગુણવત્તા ખૂબ ખરાબ જ રહેવાનો ભય

નવી દિલ્હી, તા. 9 (PTI): દિવાળી પર પરવાનગી આપેલા સમય કરતાં પણ મોડે સુધી સમગ્ર શહેરમાં ફટાકડા ફોડવામાં આવ્યા બાદ, સોમવારે સવારે દિલ્હીમાં પ્રદૂષણનું સ્તર ભયજનક રીતે ઊંચું નોંધાયું હતું. જેના કારણે આકાશમાં ધુમ્મસ મિશ્રિત ધુમાડાની જાડી, ભૂખરા રંગની ચાદર છવાઈ ગઈ હતી, રસ્તાઓ પર દ્રશ્યક્ષમતા ઘટી ગઈ હતી અને લોકોની આંખો તેમજ ગળામાં બળતરા શરૂ થઈ ગઈ હતી.

દિવાળીની રાત્રે, ફટાકડાના ઉપયોગ પર પ્રતિબંધ હોવા છતાં સમગ્ર રાજધાનીમાં ભારે પ્રમાણમાં ફટાકડા ફોડવામાં આવ્યા બાદ ૨૦ મોનિટરિંગ સ્ટેશનો પર 'ગંભીર' હવાની ગુણવત્તા નોંધાઈ હતી,

...અનુસંધાન પાના 2 પર



દિલ્હીમાં કેટલાક સ્થળે એક્યુઆર 3000ને પાર દર્શાવતા ખાનગી મોનિટરિંગ કેન્દ્રો

ઓપન-સોર્સ એર ક્વોલિટી મોનિટરિંગ પ્લેટફોર્મ AQI.in મુજબ, દિવાળી પછી દિલ્હીનો AQI ૨,૨૮૩ સુધી પહોંચી ગયો હતો. સોમવારે સવારે AQI ૬૩૭ પર હતો, જેને આ પ્લેટફોર્મે "જોખમી" શ્રેણીમાં વર્ગીકૃત કર્યો હતો. જ્યારે કેટલાક ખાનગી એર ક્વોલિટી મોનિટરિંગ પ્લેટફોર્મ્સ તો દિવાળીની રાત્રે દિલ્હીના કેટલાક વિસ્તારોમાં એક્યુઆઇ 3000ને પાર જતો રહ્યો હોવાનું દર્શાવતા હતા.

દિલ્હીમાં પાંચ વર્ષની સૌથી પ્રદૂષિત દિવાળી


દિલ્હીમાં સરેરાશ 376 એર ક્વોલિટી ઇન્ડેક્સ(AQI) સાથે પાંચ વર્ષમાં સૌથી વધુ પ્રદૂષિત દિવાળી નોંધાઈ હતી. સોમવારે સવારે 10 વાગ્યે સ્મોગની ગાઢી ચાદર શહેરમાં પથરાયેલી હતી ત્યારે AQI 371 નોંધાયો હતો, જે સ્થિતિમાં મામૂલી સુધારો દર્શાવે છે. સોમવારે સવારે 10 વાગ્યે સમગ્ર AQI 371 પર હતો, જે 2021 પછી દિવાળી પછીના દિવસનો સૌથી વધુ આંકડો છે. એ નોંધવું મહત્વપૂર્ણ છે કે દિવાળી દર વર્ષે ઓક્ટોબર અથવા નવેમ્બરમાં અલગ-અલગ દિવસે આવે છે. આ વર્ષે તે 8 નવેમ્બરે, 2025માં 20 ઓક્ટોબરે, 2024માં 31 ઓક્ટોબરે, 2023માં 12

...અનુસંધાન પાના 2 પર

આંકડા સાથે ચેડા કરવાનો દિલ્હી સરકાર પર આપનો આક્ષેપ

દિલ્હી સરકાર પ્રદૂષણના આંકડાઓ ખોટી રીતે ઓછા કરીને દર્શાવી રહી હોવાનો ભૂતપૂર્વ શાસક પક્ષ આપ દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે. વિવિધ ખાનગી એર ક્વોલિટી મોનિટરિંગ પ્લેટફોર્મના આંકડા ટાંકીને, આપ નેતા સૌરભ ભારદ્વાજે આક્ષેપ કર્યો હતો કે સરકારના સત્તાવાર આંકડા પ્રદૂષણના વાસ્તવિક સ્તરને દર્શાવતા નથી અને તેમણે સરકાર પર રહીશોને ગેરમાર્ગે દોરવાનો

...અનુસંધાન પાના 2 પર



વિશ્વભરમાં દિવાળીની ધામધૂમથી ઉજવણી

નવી દિલ્હી, તા. ૯: રવિવારની રાત્રે ભારતભરમાં અને વિશ્વના અનેક દેશોમાં દિવાળીની જુદી જુદી રીતે ઉજવણી કરવામાં આવી હતી જેમાં ભારતમાં પરંપરાગત રીતે દીવાઓ સળગાવીને અને ફટાકડાઓ ફોડીને ઉજવણી કરવામાં આવી હતી તો અન્ય દેશોમાં ભોજન સમારંભો, પૂજાના કાર્યક્રમો યોજીને તથા અન્ય રીતે આ ઉત્સવ ઉજવવામાં આવ્યો હતો. લંડનનાં ઉત્તર-પશ્ચિમ વિસ્તારમાં આવેલા બાપ્સ સ્વામિનારાયણ મંદિરમાં પૂજા રાખવામાં આવી હતી. કાશ્મીરના શ્રીનગરમાં, લોકોએ દિવાળીની ઉજવણી કરવા માટે એક વેપારી કેન્દ્રમાં મોટી રંગોળી પૂરીને તેના પર પરંપરાગત માટીના દીવા પ્રગટાવ્યા હતા. પાડોશી નેપાળમાં, દિવાળી સાથે આવતા કુકુર તિહાર નામના કૂતરાઓને સમર્પિત હિન્દુ તહેવાર નિમિત્તે કાઠમંડુની આર્મ્ડ પોલીસ ડોગ ટ્રેનિંગ સ્કૂલ ખાતે યોજાયેલા એક કાર્યક્રમ દરમિયાન પોલીસ દળના એક શ્વાનને સિંદુરથી તથા ફૂલહારથી શણગારવામાં આવ્યો હતો. શનિવારે અયોધ્યામાં રાજ્ય સરકાર દ્વારા આયોજિત 'દીપોત્સવ' ઉત્સવ દરમિયાન સરયૂ નદીના કિનારે દીવા પ્રગટાવવામાં આવ્યા ત્યારે આતશબાજીથી આકાશ ઝળહળી ઊઠ્યું હતું. કેટલાક સ્થળે ભોજન સમારંભો પણ યોજવામાં આવ્યા હતા. પરંપરાઓ પ્રદેશ અનુસાર બદલાય છે પરંતુ સામાન્ય રીતે તેમાં રોશની, ફટાકડા, મિજબાની, નવા કપડાં અને પ્રાર્થનાનો સમાવેશ થાય છે.

દેશભરમાં દિવાળીની રાત્રે આગ લાગવાથી 23નાં મોત

મધ્ય પ્રદેશમાં એક જ પરિવારના 6 લોકો સહિત 13 લોકોએ જીવ ગુમાવ્યો

મુંબઈ/દિલ્હી/નાગપુર/જયપુર/જમ્મુ. દિવાળીની રાત્રે દેશનાં અનેક શહેરોમાં ફટાકડા અને અન્ય કારણોસર લાગેલી આગમાં 23 લોકોનાં મોત થયાં છે, જ્યારે અનેક લોકો ઘાયલ થયા છે અને કેટલાક ગુમ છે. સૌથી વધુ મોત મધ્ય પ્રદેશમાં થયાં છે, જ્યાં ત્રણ અલગ-અલગ મકાનોમાં આગ લાગવાથી 13 લોકોના જીવ ગયા છે.

બીજી તરફ, મહારાષ્ટ્રના ધારાશિવ જિલ્લામાં એક મકાનમાં રહેતા એક જ પરિવારના છ સભ્યોનાં મોત થયાં છે. મુંબઈના લોખંડવાલામાં આગ લાગવાની અન્ય એક ઘટનામાં પણ એક વ્યક્તિનું મોત થયું છે.

આ સિવાય રાજસ્થાનના પાલીમાં ફટાકડાની દુકાનમાં આગ લાગવાથી 2 લોકોનાં મોત થયાં છે, જ્યારે 3 લોકો ગુમ છે. આ અકસ્માતમાં ત્રણ દુકાનો અને અનેક ટૂ વ્હીલર્સ બળીને ખાખ થઈ ગયાં હતાં. દિલ્હીના નરેલામાં પેટમાં રોકેટ ફટાકડો વાગવાથી 10 વર્ષના બાળકનું મોત થયું છે.

મધ્ય પ્રદેશના કટની જિલ્લામાં મકાનમાં આગ લાગવાથી એક જ પરિવારના 6 લોકોનાં મોત થયાં છે. જેમાં 3 બાળકો પણ સામેલ છે, જેમાંથી એક 2 મહિનાનું હતું.

જ્યારે સીઓની જિલ્લામાં ઝવેરીના મકાનમાં આગ લાગવાથી 6 લોકોના જીવ ગયા છે. જેમાં એક 16 વર્ષનો કિશોર પણ સામેલ છે.

ઉત્તર પ્રદેશના બાંદામાં ભંગારની દુકાનમાં આગ લાગવાથી લગભગ 20-25 લાખ રૂપિયાનું નુકસાન થયું છે. પુણેમાં આગની 63 ઘટનાઓ બની હતી, પરંતુ તેમાં કોઈ જાનહાનિના સમાચાર નથી.

જમ્મુના નેહરૂ માર્કેટમાં આગ લાગવાથી 12થી વધુ દુકાનો બળીને ખાખ ગઈ છે, જ્યારે નાગપુરમાં ટીવીએસ શો-રૂમમાં આગ લાગવાથી અનેક દ્વિચક્રી વાહનો બળીને ખાખ થઈ ગયાં છે.

મિડટર્મ ચૂંટણીમાં પરાજય બાદ ટ્રમ્પના તેવર નરમ

સમજૂતી થશે તો ઈરાન પર ફરી હુમલો નહીં કરાય: ડોનાલ્ડ ટ્રમ્પ

રિપબ્લિકન પાર્ટીની હાર બાદ અમેરિકા સાથેની વાર્તા અટકી: ઈરાનનો દાવો

અમેરિકા તમામ મોરચે યુદ્ધ રોકે તો 2 દિવસમાં હોર્મુઝ સ્ટ્રેટ ખોલવા ઈરાન તૈયાર



વોશિંગ્ટન, તા. 9: અમેરિકાની મિડટર્મ ચૂંટણીમાં રિપબ્લિકન પાર્ટીના પરાજય બાદ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ઈરાન પ્રત્યેના વલણમાં નરમાશ જોવા મળી રહી છે. ટ્રમ્પે જણાવ્યું છે કે જો ઈરાન સાથે શાંતિ સમજૂતી પર વાટાઘાટો આગળ વધશે અને એક મજબૂત કરાર થશે, તો અમેરિકા માટે ફરીથી લશ્કરી હુમલા કરવાનું જરૂરી નહીં રહે. આ નિવેદન તેમના અગાઉના કડક વલણથી અલગ છે. ટ્રમ્પે સ્વીકાર્યું હતું કે ઈરાન સાથેના યુદ્ધની અસર મિડટર્મ ચૂંટણીના પરિણામો પર પડી છે અને ઈરાન આ યુદ્ધના કારણે ભારે આર્થિક સંકટ તથા ફુગાવાનો સામનો કરી રહ્યું છે.

બીજી તરફ, ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ જણાવ્યું કે અમેરિકી ચૂંટણી પરિણામો બાદ મધ્યસ્થો તરફથી શાંતિ વાર્તા માટે પ્રયાસો અટક્યા છે. ઈરાને શરત મૂકી છે કે જો અમેરિકા તમામ મોરચે યુદ્ધનો અંત લાવશે, બંદરો પરથી નાકેબંધી હટાવશે અને આર્થિક પ્રતિબંધો રદ કરશે, તો તેઓ માત્ર બે દિવસની અંદર આંતરરાષ્ટ્રીય તેલ પુરવઠા માટે અત્યંત મહત્વપૂર્ણ એવા હોર્મુઝ સ્ટ્રેટના દરિયાઈ માર્ગને ફરીથી ખુલ્લો કરી દેશે.

દરમિયાન, અમેરિકા અને ઈરાન વચ્ચે કતાર તથા પાકિસ્તાન મધ્યસ્થતા કરી રહ્યા છે. આ જ શ્રેણીમાં સોમવારે વ્હાઇટ હાઉસ ખાતે ટ્રમ્પ અને કતારના વડા પ્રધાન વચ્ચે ઉચ્ચ સ્તરીય બેઠક યોજાવાની છે. 28 ફેબ્રુઆરીએ અમેરિકા અને ઇઝરાયેલ દ્વારા ઈરાન પર કરાયેલા હુમલા બાદ શરૂ થયેલા સંઘર્ષને રોકવા માટે હવે બંને પક્ષો વચ્ચે પરમાણુ કાર્યક્રમ અને દરિયાઈ માર્ગો ખોલવા સહિતના મુસદ્દા પર મંથન ચાલી રહ્યું છે.

શેખ હસીનાની બાંગ્લાદેશ પરત ફરવા માટે નવા પાસપોર્ટની માગ

નવી દિલ્હી સ્થિત બાંગ્લાદેશ મિશનને પત્ર મોકલી પાસપોર્ટ અને રાષ્ટ્રીય ઓળખપત્ર જારી કરવા વિનંતી કરાઈ

બાંગ્લાદેશ સરકાર તેમના પ્રત્યાર્પણની માગ કરી રહી છે

ઢાકા, તા. 9 (AP): બાંગ્લાદેશના પૂર્વ વડા પ્રધાન શેખ હસીનાએ વતન પરત ફરવા માટે સોમવારે નવા પાસપોર્ટની વિનંતી કરી છે. ઉલ્લેખનીય છે કે બે વર્ષ પહેલાં થયેલા હિંસક જનઆંદોલન બાદ તેમને સત્તા પરથી ખસી જવું પડ્યું હતું અને ત્યારબાદ તેમણે દેશ છોડીને ભારતમાં શરણ લીધી હતી.

બાંગ્લાદેશની વર્તમાન સરકાર ભારત પાસેથી તેમના પ્રત્યાર્પણની માગ કરી રહી છે. હસીનાએ તાજેતરમાં જણાવ્યું હતું કે તેઓ ડિસેમ્બર મહિનામાં કોઈ પણ ભોગે બાંગ્લાદેશ પરત ફરશે.

નવી દિલ્હી સ્થિત બાંગ્લાદેશી દૂતાવાસને મોકલવામાં આવેલા પત્રમાં હસીનાના વકીલે તેમને પાસપોર્ટ અને રાષ્ટ્રીય ઓળખપત્ર આપવા જરૂરી પગલાં લેવા આગ્રહ કર્યો છે. તેમના સહયોગી અબુ ઓબૈધા અરિને જણાવ્યું કે, અગાઉની સરકારે તેમના દસ્તાવેજો રદ કર્યા હતા, તેથી નાગરિક તરીકેના મૂળભૂત અધિકારો પુનઃપ્રાપ્ત કરવા માટે આ એક મહત્વપૂર્ણ પગલું છે.

બીજી તરફ, બાંગ્લાદેશના વિદેશ રાજ્ય મંત્રી હુમાયૂન કબીરે જણાવ્યું હતું કે ભારત સાથેની પ્રત્યાર્પણ સંધિ હેઠળ હસીનાને સોંપવામાં આવે તેવું બાંગ્લાદેશ ઇચ્છે છે. નોંધનીય છે કે 5 ઓગસ્ટ 2024ના રોજ વિદ્યાર્થી આંદોલનને કારણે હસીનાને દેશ છોડવાની ફરજ પડી હતી.

2025માં એક વિશેષ ટ્રિબ્યુનલે હિંસક કાર્યવાહીના આદેશ આપી સેંકડો લોકોના મોત અને હજારોને ઈજાગ્રસ્ત કરવા બદલ શેખ હસીનાને માનવતા વિરુદ્ધના અપરાધો માટે મૃત્યુદંડની સજા સંભળાવી હતી.

...અનુસંધાન પાના 2 પર

દિલ્હી ડાયરી



સોનિયા ગાંધીના સંસ્મરણો: પુસ્તક 'બિલોંગિંગ'

યાદો, પ્રેમ, દુઃખ અને સમયના વીતવા પરની વ્યક્તિગત ક્ષણો શેર કરતાં કોંગ્રેસ સંસદીય દળનાં અધ્યક્ષ સોનિયા ગાંધીએ તે લાગણીઓ અને અનુભવોની એક દુર્લભ ઝાંખી આપી છે જે તેમણે વર્ષોથી પોતાના હૃદયની નજીક રાખ્યા હતા. તેમણે ખુલાસો કર્યો છે કે કેટલીક યાદો બોલવા માટે ખૂબ જ દુઃખદ હતી જ્યારે કેટલીક શેર કરવા માટે ખૂબ જ કિંમતી હતી. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પરની એક પોસ્ટમાં ગાંધીએ કહ્યું કે, આખરે તેમને તે અત્યંત પ્રિય અને સાચવેલી યાદોને તેમના આગામી પુસ્તક 'બિલોંગિંગ'માં લખવાની હિંમત અને શબ્દો મળી ગયા છે. તેમનો ટૂંકો પણ લાગણીસભર સંદેશ અંગત કબૂલાત જેવો હતો, જે દર્શાવે છે કે આ પુસ્તક માત્ર ઘટનાઓનું સ્મરણ નથી પરંતુ તે અનુભવો, સંબંધો અને લાગણીઓની

...અનુસંધાન પાના 2 પર

તા. ૦૯-૧૧-૨૦૨૬નું સુરત શહેરનું
હવામાન

મહત્તમ	લઘુત્તમ	ભેજ
૩૬.૮° સે.	૨૦.૮° સે.	૭૪%

ચૂંટણીમાં રિપબ્લિકન પક્ષના સફાયા માટે મોંઘવારી, ઇરાન યુદ્ધ અને ઇઝરાયેલ પ્રત્યે લોકોના અણગમાને પણ કારણભૂત ગણાવ્યા

મારી ઈમિગ્રેશન નીતિ ખૂબ કઠોર હતી: પરાજય પછી ટ્રમ્પે કબૂલ્યું

વૉશિંગ્ટન, 9 (PTI): મિડટર્મ ચૂંટણીઓમાં કારમી હારનો સામનો કર્યા પછી યુએસ પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે સ્વીકાર્યું કે તેમની ઈમિગ્રેશન નીતિ ''ખૂબ જ કઠોર'' હતી અને તેમણે આગામી વર્ષોમાં ડેમોક્રેટિક પક્ષ સાથે કામ કરવા તૈયાર હોવાનું જણાવ્યું હતું.

નવેમ્બર 3 ના રોજ યોજાયેલી મિડટર્મ ચૂંટણીઓમાં ડેમોક્રેટ્સે રિપબ્લિકન પક્ષના કબજાવાળી કેટલીક બેઠકો જીતીને પ્રતિનિધિ ગૃહ અને સેનેટ બંને પર નિયંત્રણ મેળવી લીધું છે, જે ટ્રમ્પ માટે એક મોટો ફટકો હતો. ચૂંટણીના આ પરિણામો ઈમિગ્રેશનના મુદ્દા, અર્થવ્યવસ્થા, ઈરાન યુદ્ધ અને વધતા જતા જીવનનિર્વાહના ખર્ચને સંભાળવાની તેમની રીત સામે મતદારોની

...અનુસંધાન પાના 2 પર

ભારત-પાકિસ્તાન વચ્ચે યુદ્ધ અટકાવ્યાનો દાવો દોહરાવ્યો

ટ્રમ્પે ભારત અને પાકિસ્તાન વચ્ચે પરમાણુ યુદ્ધ અટકાવ્યાના તેમના દાવાને પણ દોહરાવ્યો. તેમણે કહ્યું, ' 'મેં આઠ યુદ્ધોનો અંત લાવ્યો છે. મેં આઠ યુદ્ધો શાંતિથી પતાવ્યા છે. એટલે કે, ભારત-પાકિસ્તાન વચ્ચે પરમાણુ યુદ્ધ થઈ ગયું હોત. મેં તે શરૂ થાય તે પહેલાં જ ઉકેલી નાખ્યું.'' ' 'તેમના 11 વિમાનો તોડી

...અનુસંધાન પાના 2 પર

કેન્સરની 1,364 દવાઓની સુધારેલી કિંમતો અમલી

દર્દીઓને વાર્ષિક 3,540 કરોડ રૂપિયાની બચત થશે

137 કેન્સર વિરોધી દવાઓ પર ટ્રેડ માર્જિન મર્યાદિત કરાયું, 679 બ્રાન્ડ્સના ભાવમાં 50 ટકાથી વધુનો ઘટાડો, સૌથી વધુ કિંમત ઘટાડો 96.45 ટકા સુધીનો જોવા મળ્યો

નવી દિલ્હી, તા. 9 (PTI): કેન્સરની સારવારને વધુ સસ્તી અને સુલભ બનાવતી દિશામાં એક મહત્વપૂર્ણ પગલું ભરતા, કેન્સર વિરોધી 1,364 ફોર્મ્યુલેશન (દવાઓ)ની સુધારેલી મહત્તમ છૂટક કિંમતો (MRP) સોમવારથી સમગ્ર દેશમાં અમલમાં આવી ગઈ છે. સત્તાવાર અખબારી યાદી અનુસાર, સરકારના આ પગલાથી વાર્ષિક અંદાજે 3,540.38 કરોડ રૂપિયાની બચત થશે અને તેનો સીધો આર્થિક લાભ સામાન્ય દર્દીઓ અનેતેમના પરિવારને મળશે.

સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય હેઠળના ડાયરેક્ટરેટ જનરલ ઓફ

...અનુસંધાન પાના 2 પર